# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,
સુરત – ૩૯૫ ૦૦૭.

## -: <u>ચૂંટણીની નોટિસ</u> :-

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૧(૧) (iii) હેઠળની જોગવાઈ મુજબ વિજ્ઞાન,કાનૂન, મેનેજમેન્ટ અને ગ્રામઅભ્યાસ વિધાશાખાના અધ્યક્ષ (DEAN) તથા કલમ ૨૧(૧)(iv) હેઠળની જોગવાઈ મુજબ એકેડેમિક કાઉન્સિલ પર મેનેજમેન્ટ અને ગ્રામઅભ્યાસ વિધાશાખાના (અધ્યક્ષ - DEAN સિવાયના) એક પ્રતિનિધિની બાકી રહેતી મુદત (તા.૨૭/૦૧/૨૦૧૯ સુધી)ચૂંટણી માટેનો વિગતવાર કાર્યક્રમ સ્ટેટયૂટ – ૨૫૪ હેઠળ નીચે પ્રમાણે છે.

વિધાશાખાના અધ્યક્ષ (DEAN) ના હોદ્દા માટેના ઉમેદવાર યુનિવર્સિટીની ધારાકીય જોગવાઈ મુજબ જે તે વિધાશાખાના સભ્ય તેમજ સેનેટ સભ્ય હોવા ઉપરાંત શિક્ષક કે આચાર્ય હોવા આવશ્યક છે.

એકેડેમિક કાઉન્સિલ પર વિધાશાખાના પ્રતિનિધિ માટેના ઉમેદવાર યુનિવર્સિટીની ધારાકીય જોગવાઈ મુજબ જે તે વિધાશાખાના સભ્ય હોવા આવશ્યક છે.

| અનુ. નં. (૧) | વિધાશાખા (૨) | યુનિવર્સિટી કાર્યાલયમાં ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ (૩) | ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ અને સમય (૪) | ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની તારીખ અને સમય (૫) | મતદાનની તારીખ અને સમય (૬) |
|---|---|---|---|---|---|
| ૧. | વિજ્ઞાન | સોમવાર તા. ૦૫/૦૩/૨૦૧૮ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી | મંગળવાર તા. ૦૬/૦૩/૨૦૧૮ સાંજે ૪.૩૦ કલાકે | ગુરુવાર તા. ૦૮/૦૩/૨૦૧૮ સાંજે ૪.૩૦ વાગ્યા સુધી | સોમવાર તા. ૧૨/૦૩/૨૦૧૮ બપોરે ૧૨.૩૦ થી ૧.૩૦ વાગ્યા સુધી |
| ૨. | કાનૂન | – એજન – | – એજન – | – એજન – | – એજન – |
| ૩. | મેનેજમેન્ટ | – એજન – | – એજન – | – એજન – | – એજન – |
| ૪. | ગ્રામ અભ્યાસ | – એજન – | – એજન – | – એજન – | – એજન – |

(૧) ઉપરોકત ચૂંટણી માટે ઉમેદવારી કરવા ઈચ્છતા ઉમેદવારોનું ઉમેદવારીપત્ર નિયતપત્રકમાં હોવું જોઈશે અને તેમાં બે મતદારોની સહી તથા તારીખ દર્શાવેલી જોઈશે. ઉમેદવાર તથા સહી કરનારા સભ્યોના પૂરેપૂરા નામ, સરનામા, હોદ્દા (જો હોય તો) મતદારયાદી પ્રમાણે જોઈશે. વધુમાં ઉમેદવારે પોતાના ઉમેદવારીપત્ર પર પોતાની સહી કરીને તારીખ લખીને સંમતિ દર્શાવેલી હોવી જોઈશે.

(૨) ઉમેદવારીપત્રો પહોંચાડવા માટે ઉપર જણાવ્યા પ્રમાણે નક્કી કરેલી તારીખ અને સમય એટલેકે સોમ<u>વાર, તા.૫/૦૩/૨૦૧૮ ના રોજ ૪.૦૦</u> વાગ્યા સુધીમાં ઉમેદવારીપત્રો કુલસચિવશ્રીને

પહોંચાડવા જોઈશે. નિયત તારીખ અને સમય બાદ મળેલા તેમજ અમાન્ય થયેલા અને અધૂરી માહીતીવાળા ઉમેદવારીપત્રો માન્ય ગણી શકાશે નહી.

(૩) કુલસચિવશ્રીને લેખિત અરજી કર્યેથી કોઈપણ ઉમેદવારને ઉમેદવારીપત્રક મળી શકશે.

(૪) ઉમેદવારીપત્રોની ચકાસણી ઉપર જણાવ્યા પ્રમાણે મંગળ**વાર, તા.૬/૦૩/૨૦૧૮** ના રોજ બપોરે **૪.૩૦ કલાકે** યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, ઉધના – મગદલ્લા રોડ, સુરતમાં થશે અને તે સમયે ઉમેદવાર જાતે અથવા ઉમેદવારે જેમને આ માટે લેખિત અધિકાર આપ્યો હોય તેવા તેમના પ્રતિનિધિ હાજર રહી શકશે. કોઈપણ ઉમેદવાર ચકાસણી કર્યાના ૪૮ કલાક સુધીમાં એટલેકે ઉપર જણાવ્યા પ્રમાણે ગુરૂ**વાર, તા.૦૮/૦૩/૨૦૧૮ ના રોજ ૪.૩૦ વાગ્યા** સુધીમાં કુલસચિવશ્રીને યુનિવર્સિટી કાર્યાલયમાં પોતાની સહી સાથે ઉમેદવારીપત્ર પાછુ ખેચવાની લેખિત જાણ કરીને પોતાનું ઉમેદવારીપત્ર પાછું ખેંચી શકશે.

(૫) માન્ય ઉમેદવારોના નામની યાદીની નકલ ત્યારબાદ મોકલવામાં આવશે.

(૬) ઉપરોકત ચૂંટણીઓ એક સંક્રામ્ય મત દ્વારા પ્રમાણસર પ્રતિનિધિત્વ (**Proportional representation by means of a single transferable vote by ballot**) એકડા બગડા ઈત્યાદીની પધ્ધતિથી ગુપ્ત મતદાનથી કરવામાં આવશે. આ પધ્ધતિ અનુસાર: (૧) પ્રત્યેક ઉમેદવારને એક સંક્રામ્ય (**Transferable**) મત આપવાનો રહેશે. (૨)(ક) જે ઉમેદવાર માટે મત આપવામાં આવે તે ઉમેદવારના નામની સામે મતપત્રકમાં માત્ર ' ૧ ' સંખ્યા મતદારે મુકવી આવશયક છે અને (ખ) વધારામાં પોતાની પસંદગીના બીજા ઉમેદવારોના નામોના સામે ૨, ૩, ૪, ૫ .... અને તે પછી પસંદગીના ક્રમાંકો દર્શાવી શકશે.

(૭) સંબંધકર્તા વિદ્યાશાખાના મતદારોના નામોની યાદી મેળવવા કુલસચિવશ્રીને લેખિત અરજી કરવાથી મળી શકશે.

(૮) આ ચૂંટણી માટે મતદારોની સભા ઉપર જણાવ્યા મુજબ સોમવાર, તા.૧૨/૦૩/૧૮ ના રોજ ચૂંટણીના સમય પહેલા અડધા કલાકે યુનિવર્સિટી કાર્યાલયના નિયત કરેલા રૂમમાં મળશે. (રૂમ નંબર અંગેની જાણકારી પ્રસ્તુત દિવસે નોટીસબોર્ડ પર મળશે.)

**NOTE :** Under South Gujarat University Act Sec. 25(2) the Dean shall held Office for a term of three years and shall be eligible for re – election for a further term of three years only. ( One term does mean a full or a part thereof.)

**નોંધ :– ઉપરોકત ચૂંટણી અંગેના ફોર્મ તા.૧૬/૦૨/૨૦૧૮ થી હિસાબી વિભાગમાંથી મળશે.**

ક્રમાંક : એકે/અધ્યક્ષ/પ્રતિ/ચૂંટણી/ ૨૮૧૪/૨૦૧૮
તારીખ : ૧૨-૦૨-૨૦૧૮

ઈ.ચા. કુલસચિવ